
# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

**હે પરાત્પર** પુરુષોત્તમ નારાયણ શ્રી સહજાનંદ સ્વામી ! આજનો આ મંગલ દિવસ આપના પ્રતિ કૃતજ્ઞભાવ વ્યક્ત કરવાનો દિવસ છે. આજના મંગલપર્વનું માહાત્મ્ય વિચારતાં આપે સમગ્ર માનવજાત ઉપર અને વિશેષ રૂપે આત્મદર્શન કરવાની અભિપ્સા સેવતા સૌ મુમુક્ષુઓ ઉપર કૃપા કરી છે તેનો અહોભાવ વ્યક્ત કરવાનું પર્વ છે. સનાતન શુદ્ધ ઉપાસના – અક્ષર અને પુરુષોત્તમ, બ્રહ્મ અને પરબ્રહ્મ, આત્મા અને પરમાત્માની ઉપાસનાનું સ્થાપન કરી, શાશ્વતકાળ સુધી તે ઉપાસના દ્વારા સાધકો પોતાની આત્મશુદ્ધિ કરી પરબ્રહ્મને આતમે ધારી બ્રહ્મરૂપ થઈ શકે તે માટે ગુણાતીતને દીક્ષા આપી તે સ્મૃતિ કરી ધન્યતાનો અનુભવ કરવાનો દિવસ...



**હે સ્વામી !**

આપ તો અનાદિના અક્ષરબ્રહ્મ... શ્રીજી આપને સાથે લાવ્યા. આપે બાલ્યકાળમાં જ આપનો શ્રીજી સાથેનો અનાદિનો સંબંધ છે તેનું દર્શન કરાવ્યું.
ખૂબ નાના હતા... આપે મા પાસે દૂધ માગ્યું.
મા કહે, 'બેટા ! ઠાકોરજીને ધરાવીને આપું છું.'
'ના મા ! ખૂબ ભૂખ લાગી છે હમણાં જ આપો !'
મા ના પાડે ને આપે આગ્રહ રાખ્યો...
મા ન માન્યાં તો આપે કહ્યું, 'મા ! અમને દૂધ આપો અમારી ભેળા ઠાકોરજી પણ પીવે છે.' માએ આપને દૂધ આપ્યું આપે ગ્રહણ કર્યું. મા ઠાકોરજીનાં દર્શને ગયાં તો જોયું લાલજીના મુખ પર હોઠ દૂધથી ભીના હતા. માને ત્યારે આપ અને ઠાકોરજી એક છો તેનું દર્શન થયું.
તે જ રીતે એક દિવસ માને આપે કહ્યું,
'મા ! આજે જનોઈનાં ગીતો ગાવ !'
આજે બાલ ઘનશ્યામને જનોઈ દેવાઈ રહી છે.
આવી હતી તમારી અને શ્રીજીની એકતા.
આપે શ્રીજીને અખંડ ધાર્યા.
તેઓનું અને આપનું અદ્વૈત રચાયું.

સ્વામી અને નારાયણ એક થયા.
આપ શ્રીજીમાં સંપૂર્ણ સમાઈ ગયા.
આપની પ્રતિપળની ક્રિયા નિર્ગુણ બની.
કેવળ શ્રીજીની પ્રસન્નતાર્થે જ આપે જીવી બતાવ્યું.
આપે સાધનાનો એક આદર્શ સ્થાપ્યો.
આ ધરા પર આત્મશુદ્ધિ કરી પરમાત્માને
અખંડ ધારવા માટેની સાધના માટેનો આદર્શ સ્થાપ્યો.
ક્ષણ પણ મૂર્તિથી અળગા ન રહે
પ્રતિક્ષણ પ્રભુની પ્રસન્નતા માટે જીવે
સર્વત્ર સર્વમાં પ્રભુપરમનાં દર્શન કરે
સંબંધમાં આવે તે સૌનું રૂડું કરે
સંબંધવાળા સૌને કેવળ પ્રભુના ભાવથી જુએ
સંબંધવાળા સૌનાં ચૈતન્યોની રક્ષાનું અનુસંધાન રાખે
સૌનો પરમતત્ત્વ સાથેનો સંબંધ દૃઢ કરાવતા રહે
સૌના દોષ ટાળે અને સુખી કરે
તેવી ગુણાતીત અવસ્થાનું દર્શન આપે કરાવ્યું અને
તેવી ગુણાતીત સાધુતાના ધારક એવા સત્પુરુષ દ્વારા
આપ આ ધરા પર શાશ્વત રહ્યા તે સમગ્ર
માનવજાત પર ઉપકાર કરી અને
આપે અમ સૌને ધન્ય કર્યા છે !

**સ્વામી !**

આપે આપનાં જ દિવ્ય સ્વરૂપો ભગતજી મહારાજ–
જાગા સ્વામી – અદાશ્રી – શાસ્ત્રીજી મહારાજ – યોગીજી મહારાજ
દ્વારા પ્રગટ રહી અને તે સાધનાને અવિરત ચાલુ રાખી છે...
આજે આનંદ એ વાતનો છે સ્વામી ! આપ કાકાજી–પપ્પાજી
પ્રમુખ સ્વામીજી–હરિપ્રસાદ સ્વામીજી–અક્ષરવિહારી સ્વામીજી
મહંત સ્વામીજી અને પ્રત્યક્ષ ગુરુદેવ સાહેબ દ્વારા
પ્રગટ અને પ્રત્યક્ષ રહ્યા છો.



સાહેબની આ હીરક જયંતીનું વર્ષ છે.
તેઓ સાથે અમને જોડીને... તેઓના આશ્રયે સાધના કરી
ગુણાતીતભાવને... આપના પરમ ભાવને – પામી શકાય
તે માર્ગ તેઓ દ્વારા અમ સૌ વ્રતધારી ભાઈઓ માટે ખુલ્લો મૂક્યો છે.
આજે યોગીબાપાનું સ્મરણ કરું છું જેઓએ પોતાના

સ્વમુખે અમને આદેશ આપ્યો... 'જશુભાઈ સાહેબની
આજ્ઞામાં રહેજો... એકાંતિક ધર્મ સિદ્ધ થઈ જાશે...' આ
વચનોનું મૂલ્ય અમારે માટે ઘણું છે... તે મુજબ જીવન
જીવવા માટે અમારા માટે વ્રતધારી ભાઈઓની નવી પાંખનું
સર્જન તેઓના સંકલ્પે થયું.
કાકા-પપ્પા-બાને પણ આજે વંદન સાથે
કૃતજ્ઞભાવ અર્પણ કરવાનું મન થાય છે...
જેઓએ બાપાના આ સંકલ્પની સ્પષ્ટ સમજ આપી
સાહેબનું માહાત્મ્ય સમજાવી અમને આ દિવ્યતાના પથ પર
ચાલી આત્મકલ્યાણ સાધી લેવા બળ સિંચ્યાં.

**સ્વામી !**

શ્રી ગુણાતીતને શ્રીજીએ ડભાણમાં દીક્ષા આપી તે જ
મહામંગલપર્વે પ.પૂ. સાહેબના આશ્રયે સાધના કરી
આત્મશ્રેય સાધવા ને જીવમાં પ્રભુ ધારી પ્રતિપળ
પ્રભુપરમની પરાભક્તિ કરવા માટે અમને દીક્ષિત કર્યા
તેનું અમ સૌ વ્રતધારી ભાઈઓને ગૌરવ છે !
આજે આ મહામંગલપર્વે અમારી એક જ પ્રાર્થના છે... સ્વામી !
આપ અને શ્રીજીનું અદ્વૈત એ આ ધરા પરનું મંગલ છે
તે મંગલના માહાત્મ્યને અંતરે ધારીએ.
તે મંગલને અંતરે ધારી તદ્રૂપ થયેલાં પ્રત્યક્ષ ગુણાતીત
સ્વરૂપોનાં માહાત્મ્યને હૃદયે સ્થાપીએ.
આ જોગ આ સમાગમ આ સમજણ પ્રાપ્ત થયાં છે
તેનું ગૌરવ કરી આતમને પરમાતમરૂપ કરવાની
સાધના કરી લેવા ગંભીરતા ધારણ કરીએ.
અમારાં અહં છોડીએ... નમ્રભાવે દાસત્વ ધારણ કરી
સેવા કરી લઈએ.
અંદરોઅંદર સુહૃદભાવ વધારીએ... અન્યોન્યના
ગુણ જોઈ સમર્થન કરીએ ને અમારા ગુણોનું સંવર્ધન કરીએ.
સૌમાં આપને જોઈ અને વ્યવહાર કરીએ
તે માટે અમને શક્તિ આપો ! પ્રજ્ઞા આપો !
આપનારૂપ થવાની સાધનામાં સ્વામી ! આપ
અખંડ અમારી સાથે રહો ને પગલે પગલે પ્રકાશ કરો !
અમને આપમાં સમાવી લો... આપના રૂપ બનાવી દો !
અમારાં સમગ્રનો લય કરો... કેવળ આપ જ રહો ! સ્વામી !

◆



**એકાન્તિક** ધર્મની સિદ્ધિ માટે
આજ્ઞા અને ઉપાસના બે પાંખો !
આજે વસંતપંચમી
શ્રીજીની આજ્ઞા 'શિક્ષાપત્રી'નું પ્રાગટ્ય
પોતાના આશ્રિતોને જીવનનાં આચરણ કેવાં
પળેપળે જાગ્રતતા કેવી
શું ઇષ્ટ ને શું અનિષ્ટ...
શું છોડવું...
શું આવકારવું...
તે માટેની આજ્ઞાનો ગ્રંથ 'શિક્ષાપત્રી'
બીજી અગત્યની પાંખ તે ઉપાસના.
અક્ષરરૂપ થઈ પુરુષોત્તમરૂપ થવા
બ્રહ્મ થઈ પરબ્રહ્મમાં એકાકાર થવા
શુદ્ધ ઉપાસના જોઈએ.
યુગલ ઉપાસના એ શુદ્ધ ઉપાસના
તેનું પ્રવર્તન કર્યું શાસ્ત્રીજી મહારાજે
શાસ્ત્રીજી મહારાજ પણ વસંત પંચમીએ પ્રગટ્યા.



**હે મહારાજ !**

આપે જે હેતુ માટે આશ્રિતોને 'શિક્ષાપત્રી' આપી
તે હેતુ અનુસાર અમારું જીવન બને
આપની આજ્ઞા અમારું જીવન બને... અને
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે આ બ્રહ્માંડમાં પધારી
શુદ્ધ ઉપાસનાનું પ્રવર્તન કર્યું
તે ઉપાસના દૃઢ થાય
અને આજ્ઞા અને ઉપાસનામાં દૃઢ રહી
એકાન્તિક ધર્મ સિદ્ધ કરવા
અમ સૌને શક્તિ સમજ આપો
આપની કૃપાના યશભાગી બનાવો.



◆

**૨૧.૧.૨૦૦૦, પોષી પૂનમ**

સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

**વસંતપંચમી, ૨૨.૧.૯૯**